# જિલ્લામાં વધુ ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૨૫ પર પહોંચી છે.

જિલ્લામાં વધુ ને વધુ દર્દીઓ રિકવર થતાં રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો જણાયો છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ૧૩૦ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન તેર દર્દીના મૃત્યુ થયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારના ૧૨ દર્દી અને ગાંધીનગર શહેરના એક દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં મૃત્યુદર પાંચ ટકાથી વધુ નોંધાયો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જે ૧૩૦ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે તેમાં ૮૦ ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ છે જ્યારે ૫૦ શહેરના દર્દીઓ છે.

રિકવરી રેટ ૫૦ ટકાથી વધુ નોંધાયો છે. હાલ જિલ્લાના ૯૧ કેસ એક્ટીવ કેસ તરીકે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ

### કોલવડામાં કોરોનાનો ૪થો કેસ નોંધાયો : જિલ્લામાં અત્યાર સુધી ૨૪૭૭ ટેસ્ટ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ બે કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોની સંખ્યાને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગ્રામ્ય વિસ્તારમાંથી આજે જે બે કેસ નોંધાયા છે તે બન્ને ગાંધીનગર તાલુકાના હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કોલવડા ગામેથી આજે વધુ એક કોરોનાનો કેસ મળી આવ્યો છે. આ સાથે કોલવડામાંથી કોરોનાનો ચોથો કેસ મળી આવ્યો છે. ઓ.એન.જી.સી.માં નોકરી કરતા કર્મચારીનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે. અમદાવાદ નજીક તે શિફ્ટમાં ચાલતી ડ્યુટી કરતો હતો.

હાલ આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરી પરિવારના સભ્યોને ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધુ એક કેસ કુડાસણમાંથી મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

જો કે તંત્ર દ્વારા આ બાબતે મૌન સેવવામાં આવી રહ્યું છે.

જિલ્લા આરોગ્યતંત્રની યાદીમાં જણાવાયા મુજબ આજે બે દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લામાં અત્યાર સુધી કોરોનાને લઈ ૨૪૭૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તંત્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર ચાલી રહેલ છે.

## સેક્ટર-૨-બીમાં વધુ ૧ કેસ

### ૧૬ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં કોરોના પોઝીટીવનો એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરના દર્દીઓની સંખ્યા ૮૫ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સેક્ટર-૨-બી માંથી આજે એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ ભાઈ ૪ દિવસ અગાઉ અમદાવાદના હાટકેશ્વર વિસ્તારમાંથી આવ્યા હતા. તંત્રએ આ દર્દીના ઘરમાં રહેલ તેમજ સંપર્કમાં આવેલ ૧૬ જેટલા સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડી અને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૨-બી માં અગાઉ પણ કેસ નોંધાયો હતો. જો કે તંત્રએ દર્દીના ઘરને સેનીટાઈઝેશન કરવાની સાથે આ વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવ્યુ છે.

મનપા તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ ૩૩ દર્દી સારવાર હેઠળ છે. તેમજ ૪૭૧ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૩૬૨ લોકો હોમ ક્વોરોન્ટાઈન અને ૧૦૯ લોકો ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.


શહેરના રાજમાર્ગો પર કોરોના અને ગરમીનો બેવડો પ્રકોપ

## ગુજરાતમાં ૨૭મીથી આંધી વંટોળ વાવાઝોડાની સંભાવના

**નિયમિત ચોમાસુ જુલાઇના પ્રથમ સપ્તાહમાં બેસશે : તા ૧૩ થી ૧૫ જુન પણ વરસાદ અને વાવાઝોડાની સંભાવના : વાવાઝોડુ ગુજરાતને અસર ઓછી કરશે : ગરમીમાં એકાદ દિવસ રાહત રહેશે પરંતુ ગરમીનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી આસપાસ રહેશે : અંબાલાલ પટેલ**



ગાંધીનગર તા ૨૫

ગુજરાતમાં ૨૭ મેંથી ૬ જુન સુધી આંધી વંટોળ વાવાઝોડાની સંભાવના રોહીણી નક્ષત્રમાં વરસાદ થાય ખેડુતો માટે સારી વાત છે. તા ૧૩ થી ૧૫ જુન પણ આંધી વરસાદની સંભાવના છે. નિયમિત ચોમાસુ જુલાઈના પ્રથમ સપ્તાહમાં શરૂ થશે આ વર્ષે વરસાદ સારો થશે જયારે આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટાના અંતે વરસાદી વાયરા બાદ પણ રાજયના જુદા જુદા વિસ્તારોમાં ગરમીનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી સુધી રહેશે તેમ જાણીતા હવામાન જયોતિષી અંબાલાલ પટેલે જણાંવ્યુ છે.

હવામાન વિદ અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ સામાન્ય રીતે બંગાળના ઉપસાગરમાં વાવાઝોડાની સ્થિતિ ઘણીવખત થતી હોય છે. કારણ કે ભૌગોલિક સ્થિતિ પ્રમાણે બંગાળના ઉપસાગર આવી સ્થિતિનુ નિર્માણ કરી શકે છે. આંદાબાર નિકોબાર ટાપુ પર અમ્ફાન વાવાઝોડુ ફુંકાવામાં હતુ. સામાન્ય રીતે તા ૨૦ મે આસપાસ આંદાબાર નિકોબાર ટાપુ પર વરસાદ આવતો હોય છે. શ્રીલંકા ઉપરથી ચોમાસુ કેરળ કાંઠે તા ૧ જુન આસપાસ પહોંચતુ હોય છે. આ વખતે કેરળ કાંઠે ચોમાસુ પહોંચવાની શકયતા તા ૨૮ મેંથી ૩૧ સુધી જણાંય છે. અરબી સમુદ્રમાં પ્રિમોન્સુન એકટીવીટીના ભાગરૂપે જુન માસમાં વાવાઝોડા થતા હોય છે. ગંગા જમનાના મેદાનો તપે એટલે ચોમાસાની ગતિવિધિ વધતી હોય છે. ભુભાગો પર થતા હવાના હળવા દબાણ સમુદ્ર પરથી વરસાદ લાવવાનુ નિર્માણ કરતા હોય છે.જો કે નિર નિરંતર ચોમાસાની હજુ વાર છે. પરંતુ અરબી સમુદ્રમાં જુન મહીનામાં હવાના હળવા દબાણ ઉભા થતા વાવાઝોડા સર્જાતા હોય છે. એ પ્રિમોન્સુન એકટીવીટીના ભાગરૂપે હોય છે. ઘણીવખત ખતરનાક વાવાઝોડા ગુજરાતના ચોમાસાને વિલંબિત પણ કરે છે.આવી ગતિવિધિ જોતા આ જુન મહીનામાં હવાના હળવા દબાણ સમુદ્રમાં થવાની શક્યતા છે. જે પ્રિમોન્સુન એકટીવીટીના ભાગરૂપે ગણાય. તા ૭ જુન સુધીમાં દરિયો તોફાની બને અને આંચકાનો પવન વાય સુર્યના મૃગશીર્ષ નક્ષત્રમાં પવન વાય તો સારુ ગણાય સુર્યના રોહીણી નક્ષત્રમાં તા ૨૫ મેં થી ૬ જુન વચ્ચે રોહીણી તપે તો સારુ મનાય છે. રોહીણીના પાછળના દિવસોમાં એટલે કે જુનની શરૂઆતના દિવસોમાં વરસાદ થાય તો આદ્રામાં સારો વરસાદ થાય તેવુ અનુમાન હોય છે. આ વખતે તા ૨૭ મેં થી તા ૬ જુન સુધીમાં આંધી વંટોળનુ પ્રમાણ વધશે ઉત્તર ગુજરાતના ભાગોમાં તેમજ કચ્છના ભાગોમાં આંધીનુ પ્રમાણ વધે આ ગતિવિધિ પણ ચોમાસુ વરસાદ ખેંચી લાવવામાં જરૂરી છે. પરંતુ પવન જો શરૂઆતમાં અગ્નિખુણાનો પવન વાય તો ચોમાસુ પાછુ પણ જઈ શકે હાલમાં જે આંધી વંટોળનુ પ્રમાણ વધવાનુ છે તે પ્રિનોન્સુન એકટીવીટીના ભાગરૂપે ગણાય. ઘણા દિવસ સુધી ગરમીમાં રાહત મળવાનો આસાર ઓછો છે. વચ્ચે થોડા દિવસ ગરમી ઘટે પરંતુ હજુ ગરમી ગુજરાતના કેટલાક ભાગોમાં ૪૪ ડીગ્રી ઉપર જવાની શક્યતા છે. રાજસ્થાનના ભાગોમાં તો ગરમી વધુ રહે વળી આંધીનુ પ્રમાણ પણ વધુ રહેશે. તા ૨૯ મેંથી ૬ જુન વચ્ચે રોહીણી નક્ષત્રનો વરસાદ ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં થવાની શક્યતા છે. તા ૧૩ થી ૧૫ જુનમાં હવાના હળવા દબાણો ઉભા થતા ગુજરાત સૌરાષ્ટ્રના દરિયા કીનારે વરસાદ થવાની શક્યતા રહે આ શરૂઆતનો વરસાદ હવાના દબાણોના લીધે આવવાની શક્યતા છે. હજુ કોરમડીના વાદળો થયા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં પાણીપુરી હજુ બે મહિના સુધી જોવા નહીં મળે

### પાણીપુરીના વ્યવસાય કરતા અનેક પરપ્રાંતીય કારીગરો તેમના વતન જતા રહ્યા હોવાથી હજુ સમય લાગી શકે છે

ગાંધીનગર, તા. ૨૫

લોકડાઉન ૪.૦માં ગાંધીનગર શહેર સહિત ગુજરાત ભરમાં નોન કન્ટેનમેન્ટ ઝોનમાં નવા નિયમો સાથે કેટલીક છૂટછાટો આપવામાં આવી છે. જેના




પગલે ગાંધીનગરમાં નોન કન્ટેનમેન્ટ ઝોનમાં ફરસાણની દુકાનો ખૂલવા છતાં ઘરાકી નહિવત છે. ત્યારે છેલ્લા બે મહિનાથી વધુ સમયથી પાણીપુરી રસિયાઓ બહારની પાણીપુરી ન ખાધી હોવાથી ખાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ પાણીપુરીના વ્યવસાય કરતા મોટાભાગના પરપ્રાંતીય કારીગરો તેમના વતન જતા રહ્યા હોવાથી હજી મહિના કે તેથી વધુ સમય સુધી રસ્તા પર પાણીપુરી જોવા નહીં મળે.

કોરોના લોકડાઉનને કારણે ગાંધીનગર-અમદાવાદ સહિત ગુજરાતભરમાં રહેતા પરપ્રાંતિયોને શ્રમિક સ્પેશિયલ ટ્રેનમાં વતન મોકલવાની કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ૧૧ લાખથી વધુ પરપ્રાંતિયોને તેમના વતન મોકલવામાં આવ્યા છે. ગાંધીનગરમાં પાણીપુરીની લારી લઈને ઊભા રહેતા મોટાભાગના યુપીવાસી તેમના વતન જતા રહ્યા છે. એટલે પાણીપુરી રસિયાઓ હજી બે મહિના સુધી રસ્તા પરની પાણીપુરી ખાઈ શકશે નહીં.

જ્યારે અમદાવાદમાં નોન કન્ટેનમેન્ટ ઝોનમાં છૂટછાટ આપ્યા બાદ શહેરમાં વહેલી સવારે ફરસાણની દુકાનો ખુલતાની સાથે નાસ્તાના શોખિન લોકોની લાંબી લાઈન લાગે છે.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ આજથી ઓનલાઇન પરીક્ષા આપશે

**એમ કોમ , એમ બી એ , એમ સી એ, જર્નાલીઝમ સહીતની ફેકલ્ટીના હજારો વિદ્યાર્થીઓ આજથી ઓનલાઇન પરીક્ષા આપશે : પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે : ઓનલાઇન પરીક્ષા દરમિયાન પણ વિદ્યાર્થીઓને કોઇ તકલીફ નહીં પડે ગેરરીત પણ ન થાય તેનો પણ વિશેષ ખ્યાલ રખાશે : પ્રેકટીકલ પરીક્ષા પણ ઓનલાઇન લેવાશે**

ગાંધીનગર તા ૨૫

કોરાનાના કહેર વચ્ચે શૈક્ષણિક કામગીરી પર વિપરિત અસર થઈ છે. જો કે ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે વિવિધ ટયુશનના વર્ગો પણ ઓનલાઇન શરૂ કરી દેવાયા છે જયારે વિવિધ શાળા કોલેજો પણ વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ આપી રહી છે. ત્યારે બાકી રહેતા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પરીક્ષા લેવાનુ પણ આયોજન કરાયુ છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટીના એમ કોમ એમ સી એ અને એમ બી એ સહીતના વિદ્યાર્થીઓ આજથી ઓનલાઇન પરીક્ષા આપશે. રાજયમાં ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓની પ્રથમવાર આ મુજબ ઓનલાઇન પરીક્ષા લેવાશે કોરોનાની મહામારીના સમયમાં ઓનલાઈન પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે મુજબ સઘળુ આયોજન કરાયુ છે.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ કોમ અને એમ બી એ સહીતન વિદ્યાર્થીઓ માટે આજથી સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થશે. જેમાં તા ૨૬ મેં ના રોજ એમ કોમ, એમ બી એ , બી એસ સી , એમ સી એ સેમ -૪ના વિદ્યાર્થીઓએ સાંજે ૪ કલાકે પરીક્ષા આપશે. આ ઉપરાંત એમ બી એ ઈન્ટીગ્રેટેડ સેમ -૬ અને પી જી ડી જે એમ સી અલબત્ત જર્નાલીઝમના વિદ્યાર્થીઓ પણ વિવિધ વિષયની પરીક્ષા આપશે. તા ૨૬ મેં ના રોજ એમ કોમ સેમ -૪ ના વિદ્યાર્થીઓ એકાઉન્ટીંગ, એમ બી એ સેમ -૪ ના વિદ્યાર્થીઓ ઈન્ટરનેશનલ બિઝનેસ અને સેમ -૬ ના વિદ્યાર્થીઓ માર્કેટીંગ મેનેજમેન્ટ વિષયની પરીક્ષા આપશે. પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે. જયારે બી એસ સી સેમ -૪ ના વિદ્યાર્થીઓ ઓપરેશન્સ રીસર્ચ સહીત જર્નાલીઝમના વિદ્યાર્થીઓ મીડીયા લો એન્ડ એથિકસ વિષય અંગેની પરીક્ષા લેવાશે. ત્યારબાદ તા ૧ જુન , તા ૩ જુન અને તા ૪ જુન પણ વિવિધ વિષયની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. લોકડાઉન દરમિયાન કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરાનાના કહેર વચ્ચે લોકડાઉનની સ્થિતિ ધ્યાને લઇ ઓનલાઇન પરીક્ષાનુ આયોજન કરાયુ છે. આગામી વાયવા પણ ઓનલાઇન લેવાશે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના હજારો વિદ્યાર્થીઓ ઓનલાઇન પરીક્ષા આપશે. વિવિધ કોલેજ દ્વારા ઓનલાઈન પરીક્ષા લેવા માટે સંપુર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે તે મુજબનુ આયોજન કરાયુ છે. વિદ્યાર્થી પર સીધી નજર રહેશે. ચેટીંગ કરીને વિદ્યાર્થી પોતાના પ્રશ્નનુ નિરાકરણ પણ લાવી શકશે જયારે ટેકનિકલ ખામીના કિસ્સામાં પણ લીંક સર્પોટ કરીને પણ પરીક્ષાની કાર્યવાહી અટકે નહી તેનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવશે. વિદ્યાર્થીઆને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેની તકેદારી રાખવામાં આવશે. હાલ મહામારી વચ્ચે રાજયમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની આ યુનિવર્સિટી આ મુજબની ઓનલાઈન પરીક્ષા લેનારી પ્રથમ યુનિવર્સિટી હશે તેમ પણ મનાઇ રહ્યુ છે. આગામી દિવસોમાં વિદ્યાર્થીઓની પ્રેકટીકલ પણ ઓનલાઈન લેવા માટે આયોજન કરાયુ છે.

## કોરોના ખબર

- અમદાવાદના જાણીતા ઓર્થોપેડિક સર્જન અને ભાજપના અગ્રણી ડૉ. આદિત્ય ઉપાધ્યાયનું કોરોનાથી અવસાન થયું છે.
- રાજપથ કલબના પૂર્વ પ્રમુખ અને અમદાવાદના જાણીતા બિલ્ડર એન. જી. પટેલનું કોરોનાથી અવસાન થયું છે.
- અમદાવાદ ઓઢવ પોલીસ સ્ટેશનના પી.આઈ. રવિરાજસિંહ જાડેજાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો.
- પૂર્વ પંચાયત મંત્રી અને ભાજપના અગ્રણી માધુભાઈ ઠાકોરના પત્ની મધુબેન ઠાકોરનું કોરોનાથી અવસાન
- રાજકોટના ડેપ્યુટી કલેક્ટર જે. કે. પટેલના દિકરકીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો.
- રાજયમાં આજે ૧૦૮ કોરોના પોઝિટિવના દર્દીઓ વેન્ટિલેટર પર રખાયા હોવાનું જણાયું છે.

## રાજ્યમાં હજુ બે દિવસ સુધી હિટવેવ રહેવાની આગાહી

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં તાપમાનનો પારો દિવસેને દિવસે ઊંચો જઈ રહ્યો છે. આવામાં ગુજરાતમાં બે દિવસ સુધી હિટવેવ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, કચ્છ સહિત દક્ષિણ ગુજરાતમાં હિટવેવની અસર રહેશે તેમ જણાવવામાં આવ્યું છે. પાડોશી રાજ્યમાં પણ ગરમીનો આકરો પ્રકોપ વર્તાઈ રહ્યો છે. આજે રાજસ્થાનમાં આકરી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રી પર પહોંચી ગયો છે. ગરમીનો આકરો મારો થવાના કારણે લોકોની સ્થિતિ કફોડી બની રહી છે.

ભારે ગરમીની અસર લોકો પર જોવા મળી રહી છે. ગરમીના કારાણે જેઓ બહાર નીકળ્યા છે જેમના માથા પર છત નથી તેમના પર તેની ગંભીર અસર થઈ રહી છે. ગરમીના કારણે બહાર ફરતા લોકોને પાણી અને છત આપીને સેવાના કામ પણ કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસમાં રાજસ્થાનમાં ગરમીનો પારો નીચો આવવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

આવતીકાલથી ૩૧મી મે સુધીમાં ધીરે ધીરે તાપમાનનો પારો નીચો જશે અને ૩૯ ડિગ્રી સુધી તાપમાન પહોંચશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com